# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 25-10-2025** **Evening : 7.10 to 7.20 PM**
**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

---

1. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે મન કી બાતની 127મી કડીમાં પોતાના વિચારો રજૂ કરશે**
2. **રાજકોટ-દિલ્લી વચ્ચે એક સાથે નવી બે ફ્લાઈટનો આવતીકાલથી પ્રારંભ થશે.**
3. **અમદાવાદના શિલજના એક ફાર્મ હાઉસમાં પોલીસે રેવ પાર્ટીમાં દરોડા પાડીને વિદેશીઓ સહિત 20ની ધરપકડ કરી**
4. **રાજ્યમાં આગામી ચાર દિવસ દરમિયાન ભારે વરસાદની આગાહી**
5. **સિડની ખાતેની ત્રીજી એક દિવસીય મેચમાં ભારતનો ઓસ્ટ્રેલિયા સામે નવ વિકેટે વિજય**

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

## PM-MANN KI BAAT

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે સવારે 11 વાગે આકાશવાણી પરથી પ્રસારિત થનાર 'મન કી બાત' કાર્યક્રમમાં વિવિધ વિષયો ઉપર પોતાના વિચારો રજૂ**

કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 127મી કડી હશે. હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક , આકાશવાણી ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન એર મોબાઇલ એપ્લિકેશન પર પ્રસારિત કરવામાં આવશે. આકાશવાણી સમાચાર , દૂરદર્શન સમાચાર , પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર પણ તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે.

આ ઉપરાંત આવતીકાલે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

## RAJKOT DELHI FLIGHT

રાજકોટ-દિલ્લી વચ્ચે એક સાથે નવી બે ફ્લાઈટનો આવતીકાલે લાભ પાંચમથી પ્રારંભ થશે. રાજકોટ સહિત સૌરાષ્ટ્રના વેપાર ઉધોગ અને પ્રવાસીઓ માટે કનેક્ટિવિટી સરળ બનશે.લાભપંચમના દિવસે શરૂ થનાર પ્રથમ ફ્લાઈટમાં કેન્દ્રીય મંત્રી ડો. માંડવિયા પ્રવાસ કરશે.

નવી હવાઈ સુવિધાથી સ્થાનિક વેપાર ઉધોગને ગતિ મળશે , તેમજ સૌરાષ્ટ્રના પ્રવાસીઓ માટે એર ઇન્ડિયા અને ઇન્ડિગો દ્વારા નવી ફ્લાઈટ શરૂ થતા હવે લોકોને મોટી રાહત અનુભવાશે.લાભપંચમથી શરૂ થઈ રહેલી એર ઇન્ડિયાની ફ્લાઈટ અઠવાડિયામાં બુધવાર સિવાય તમામ દિવસ એટલે કે અઠવાડિયામાં છ દિવસ સવારે ઉડાન ભરશે તથા ઈન્ડિગોની ફ્લાઇટ દરરોજ ઉડાન ભરશે

સૌરાષ્ટ્રમાં પ્રવાસન પ્રવૃત્તિનો મોટા પાયે વિકાસ થયો છે. બીજી બાજુ સૌરાષ્ટ્રમાં સોમનાથ, પોરબંદર અને દ્વારકા જેવા મોટા આસ્થાના કેન્દ્રો આવેલા છે. વળી સૌરાષ્ટ્ર ખાસ કરીને રાજકોટ-જામનગર મોટા ઉદ્યોગનું કેન્દ્ર છે. કેન્દ્રીય મંત્રી ડૉ. માંડવિયાના પ્રયાસોથી શરૂ થયેલી આ બે નવી ફ્લાઈટ સેવાથી સૌરાષ્ટ્ર ક્ષેત્રના પ્રવાસનને ખૂબ મોટો વેગ મળશે, કનેક્ટિવિટી સુદ્રઢ થતા વેપાર રોજગારને પણ ગતિ મળશે.

## MANSUKH MANDAVIYA MULAKAT

કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી અને પોરબંદર લોકસભા મતવિસ્તારના સાંસદ મનસુખ માંડવિયા આવતીકાલ 26 ઓક્ટોબરના રોજ રાજકોટ અને પોરબંદરની મુલાકાત લેશે.

દિવાળી નિમિત્તે તેઓ સ્થાનિક લોકો અને કાર્યકર્તાઓ સાથે શુભેચ્છા મુલાકાત કરશે. શ્રી માંડવિયા બપોરે એક વાગ્યાથી 3 વાગ્યા સુધી ઉપલેટા, રાજકોટ ખાતે તેમના સાંસદ કાર્યાલય ગોરસ ખાતે સ્થાનિક લોકો અને કાર્યકર્તાઓ સાથે શુભેચ્છા મુલાકાત કરશે. ત્યારબાદ પોરબંદરની ડૉ. વી.આર. ગોઢાણિયા કોલેજ ખાતે સાંજે 6 વાગ્યાથી રાત્રે 09 વાગ્યા સુધી સ્નેહ સંમેલનમાં હાજરી આપશે.

## REV PARTY RAID

અમદાવાદના શિલજ વિસ્તારના એક ફાર્મ હાઉસમાં ચાલતી હાઇપ્રોફાઈલ રેવ પાર્ટી પર પોલીસે દરોડા પાડ્યા હતા, જેમાં વિદેશી નાગરિક સહિત 20થી વધુની ધરપકડ કરવામાં આવી હતી. દરોડામાં પોલીસે દારૂની બોટલ અને હુક્કા જપ્ત કર્યાં હતાં. અમદાવાદ ગ્રામ્યના જીલ્લા પોલીસ વડા ઓમપ્રકાશ જાટે જણાવ્યું હતું કે

પોલીસના લોકોએ પણ પાર્ટી માટે પૈસા આપીને પાસ ખરીદ્યા હતા. પાર્ટીમાંથી પકડાયેલામાં મોટા ભાગના લોકો આફ્રિકાના નાગરિક છે. જેમાં સૌથી વધારે કેન્યાના અને મોઝામ્બિક, મડાગાસ્કર, બોત્સ્વાના નાગરિકો હતા. આ લોકો અમદાવાદમાં વિસ્તારમાં રહીને અલગ-અલગ યુનિવર્સિટીઓમાં અભ્યાસ કરતા હતા. પ્રોહિબિશન સહિતની અલગ-અલગ એક્ટ કલમ હેઠળ તમામ લોકો સામે ગુનો નોંધવામાં આવ્યો છે.

(બાઇટ- ઓમપ્રકાશ જાટ, એસપી ગ્રામ્ય)

## SARKHEJ DRUGS

**અમદાવાદના સરખેજ વિસ્તારમાં આવેલા એક ફ્લેટમાંથી રાજ્ય પોલીસ વડાની સ્ટેટ મોનિટરીંગ સેલની ટીમ દ્વારા ગઇકાલે 290 ગ્રામ મેફેડ્રોન ડ્રગ્સ સાથે ચાર આરોપીઓની ધરપકડ કરવાં આવી હતી . ડ્રગ્સ વેચનાર અને ખરીદનાર સહિતના ચાર આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યા. રાજસ્થાનના પ્રતાપગઢના દેવાલજી ખાતે રહેતા આરોપી પાસેથી આ ડ્રગ્સ ખરીદવામાં આવ્યું હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું . આરોપીઓની ડ્રગ અને BMW ગાડી તેમજ રોકડા રૂપિયા સહિત 53.66 લાખના મુદ્દામાલ સાથે ધરપકડ કરવામાં આવી. એક આરોપી અગાઉ પણ ડ્રગ્સના ગુનામાં ઝડપાઈ ચૂક્યો હતો.**

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

## WEATHER

**હવામાન વિભાગ દ્વારા આગામી 4 દિવસો માટે રાજ્યમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. આજે ભાવનગર , અમરેલી, ગીર સોમનાથ, દીવ, ભરૂચ, સુરત, તાપી, નવસારી, ડાંગ, વલસાડ, દમણ અને દાદરા નગરહવેલીમાં ભારે વરસાદને લઈને યેલો એલર્ટ જાહેર કરાયું છે.**

**આવતીકાલે 26 ઓક્ટોબરે ભાવનગર , બોટાદ, અમરેલીમાં ભારેથી અતિભારે વરસાદને લઈને ઓરેન્જ એલર્ટ જ્યારે અરવલ્લી , મહીસાગર, દાહોદ, ખેડા, આણંદ,**

વડોદરા, છોટા ઉદેપુર , પંચમહાલ, ભરૂચ, નર્મદા, સુરત, તાપી, નવસારી, ડાંગ, વલસાડ, દમણ અને દાદરા નગરહવેલી, અમદાવાદ, સુરેન્દ્રનગર, રાજકોટ, જુનાગઢ, પોરબંદર, ગીર સોમનાથ અને દીવમાં ભારે વરસાદને લઈને યેલો એલર્ટ આપવામાં આવ્યું છે. અને માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી છે.

(બાઇટ-રામાશ્રય યાદવ-હવામાન વૈજ્ઞાનિક)

મળતી માહિતી મુજબ સાંજે 6 વાગ્યા સુધીમાં સૌથી વધુ વલસાડ જિલ્લાના ઉમરગાંવમાં પોણા બે ઇંચ અને ડાંગ જિલ્લાના આહવામાં એક ઇંચથી વધુ વરસાદ નોંધાયો છે. આહવા તાલુકાના અન્ય વિસ્તારમાં પણ વરસાદી ઝાપટા થયાના અહેવાલ છે. તો નવસારી જિલ્લાના નવસારી શહેર, જલાલપોર, ગણદેવી, અને ખેરગામમાં વરસાદ થયાના અહેવાલ છે.

## CHHATH PUJA TAIYARI

અમદાવાદમાં વસવાટ કરતાં ઉત્તર ભારતીયો માટે દિવાળી બાદ આવતા આસ્થાના મહાપર્વ છઠના તહેવારને ધ્યાને રાખીને તંત્ર દ્વારા તૈયારી કરવામાં આવી છે. અમદાવાદના ઇન્દિરા બ્રિજ સહિત વિવિધ સ્થળોએ છઠ પૂજાનું ખાસ આયોજન કરવામાં આવ્યું છે.

શ્રદ્ધાળુઓની સુવિધા માટે , ઘાટ પર ડોમ અને સ્ટેજ બનાવવામાં આવ્યા. આ ઉપરાંત, સુરક્ષા વ્યવસ્થાના ભાગરૂપે સિક્યુરિટી ગાર્ડથી લઈ ચેન્જિંગ રૂમ સુધીની સુવિધાઓ પણ ઊભી કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે , છઠ પૂજામાં ઊગતા સૂર્યની આરાધના અને પૂજા કરવામાં આવે છે.

## Cricket - India-Australia

સિડનીમાં રમાયેલી ત્રીજી અને અંતિમ એક દિવસીય મેચ માં ભારતે ઓસ્ટ્રેલિયાને નવ વિકેટથી હરાવ્યું. રોહિત શર્માને અણનમ ૧૨૧ રન બનાવવા બદલ

પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો. શ્રેણીમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન બદલ તેને પ્લેયર ઓફ ધ સિરીઝ પણ જાહેર કરવામાં આવ્યો. અગાઉ , ઓસ્ટ્રેલિયાએ ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરીને ભારતને ૨૩૭ રનનો લક્ષ્યાંક આપ્યો હતો.

જોકે, ઓસ્ટ્રેલિયાએ ત્રણ મેચની શ્રેણી ૨-૧થી જીતી લીધી. ભારત હવે ૨૯ ઓક્ટોબરથી શરૂ થતી પાંચ મેચની ટી-૨૦ શ્રેણીમાં ઓસ્ટ્રેલિયા સામે રમશે.

## SPECIAL TRAIN

પશ્ચિમ રેલવે દ્વારા છઠ પુજાને ધ્યાને લઈને મુસાફરોની સગવડતા માટે 65 જેટલી સ્પેશિયલ ટ્રેનોનું આયોજન કરવામાં આવ્યું છે. 50 લાખ જેટલા લોકો મુસાફરી કરી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. આ સાથે તહેવારો દરમિયાન સુરક્ષા જાળવવા માટે RPF અને GRPના અધિકારીઓ અને જવાનોને મોટી સંખ્યામાં તૈનાત કરવામાં આવ્યા.

(બાઇટ – વિવેક કુમાર ગુપ્તા – જનરલ મેનેજર, પશ્ચિમ રેલવે)

## Satish Shah - Death

પ્રખ્યાત અભિનેતા સતીશ શાહનું આજે 74 વર્ષની વયે અવસાન થયું છે. સતીશ શાહ કિડનીની સમસ્યાથી પીડાતા હતા. તેમને હિન્દુજા હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા , જ્યાં તેમણે અંતિમ શ્વાસ લીધા. તેમના અંતિમ સંસ્કાર આવતીકાલે કરવામાં આવશે.

1983 ની ફિલ્મ "જાને ભી દો યારો" માં તેમના પ્રતિષ્ઠિત અભિનયથી તેમણે લોકપ્રિય ચાહકો મેળવ્યા. તેમણે શક્તિ , હમ આપકે હૈ કૌન , હમ સાથ સાથ હૈ , મૈં હૂં ના, જેવી ફિલ્મોમાં પણ અભિનય કર્યો હતો. ટેલિવિઝન પર , સારાભાઈ વર્સિસ સારાભાઈમાં ઇન્દ્રવદન સારાભાઈ તરીકે શ્રી શાહની ભૂમિકા ભારતીય ટેલિવિઝન પર સૌથી પ્રતિષ્ઠિત કોમિક પ્રદર્શનમાંની એક માનવામાં આવે છે.

તેમના નિધનથી ભારતીય સિનેમા અને ટેલિવિઝનને એક મોટી ખોટ પડી છે.